| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૭/૦૫/૨૦૨૬ | | |
| રજિ. તારીખ | ૨૭/૦૫/૨૦૨૬ | | |
| ફેસલ તારીખ | ૦૨/૦૬/૨૦૨૬ | | |
| અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૬ |

सत्यमेव जयते

**જામનગરના બીજા અધિક સત્ર ન્યાયાધીશની અદાલત સમક્ષ, જામનગર.**
**ફો.પ.અ.નં. ૬૭૭/૨૦૨૬**
**આંક: ૫**

**૧. રાજુ ગુડિયા સ./ઓ. સુમાલભાઈ પંચાલ,**
ઉ.વ. ૨૩, ધંધો: મજૂરી,
**૨. દિપક સુમાલભાઈ પંચાલ,**
ઉ.વ. ૧૯, ધંધો: મજૂરી,
**૩. પ્રભુભાઈ સ./ઓ. જવરસિંગ બઘેલ,**
ઉ.વ. ૨૦, ધંધો: મજૂરી,
રે. કુખશી, જિ. ધાર, અલીરાજપુર (મધ્યપ્રદેશ)
(હાલ જિલ્લા જેલ જામનગર) ....... અરજદારો

**વિરુદ્ધ**

**ધ સ્ટેટ ઓફ ગુજરાત**
નોટિસ થ્રુ ડી.જી.પી. જામનગર.
જામનગર. .....સામાવાળા

**વિષય:–** જામીનગીરીની રકમમાં સુધારો કરવા બાબત.

**ગુન્હો:–** ફો.પ.અ.નં. ૧૭૨૮/૨૦૨૪ ફો.કે. નં. ૮૮૦૯/૨૦૨૪

---

અરજદાર તરફે વિદ્વાન લીગલ એઈડ ડીફેન્સ કાઉન્સીલ શ્રી કે.કે. ઝાલા
સામાવાળા તરફે વિદ્વાન સરકારી વકીલશ્રી આર.કે. વશીયર

---

**–:: <u>ઠરાવ</u> ::–**

૧. અરજદાર/આરોપીઓએ હાલની આ અરજી તેઓ જામનગર સિટી 'સી' ડિવિઝન પો. સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૦૨૦૦૨૨૪૦૪૩૪/૨૦૨૪, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૮૦, ૪૫૪, ૪૫૭ અને ૫૧૧

મુજબના ગુન્હાના કામે તેઓ અગાઉ ફો.પ.અ.નં. ૧૭૨૮/૨૦૨૪થી તા. ૦૩/૦૧/૨૦૨૫ના રોજના હુકમથી જામીન મુક્ત થયેલ હોઇ, સદરહુ હુકમથી તેઓને રૂા.૫૦,૦૦૦/–ના બે સદ્ધર જામીન અને જાત મુચરકા રજૂ કર્યેથી જામીન મુક્ત કરવાનો હુકમ થયેલ છે. જેથી અરજદારોએ હાલની અરજી લાવી તેઓની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી અને અરજદારો અન્ય રાજ્યના રહેવાસી હોઇ, જેથી આટલી મોટી રકમના લોકલ જામીન રજૂ કરી શકે તેમ ન હોઇ, તેઓને જાત મુચરકા ઉપર જામીન મુક્ત કરવા વિકલ્પે જામીનગીરીની રકમમાં સુધારો કરી આપવા હાલની અરજી લાવી અરજ કરેલ છે.

૨. હાલની અરજી અન્વયે સામાવાળા શ્રી સરકારને નોટિસ કરતાં સામાવાળા તરફે વિદ્વાન સરકારી વકીલશ્રી આર.કે. વશીયરે હાજર રહેલ છે.

૪. અરજદાર તરફે વિદ્વાન લીગલ એઇડ ડીફેન્સ કાઉન્સીલશ્રીની રજૂઆત છે કે, હાલના અરજદારો અન્ય રાજ્યના હોઇ અને તેઓની આર્થિક પરિસ્થિતિ જોતાં તેઓ આટલી મોટી રકમના બે લોકલ જામીન રજૂ કરવા સક્ષમ ન હોઇ, તેમજ અરજદારો આક્ષેપિત ગુન્હાની સજાની જોગવાઇ જોતાં ૧/૩ જેટલી સજા ભોગવી ચૂકેલા હોઇ, તેઓને જાત મુચરકા ઉપર જામીન મુક્ત કરવા અથવા તો જામીનગીરીની રકમમાં સુધારો કરી આપવા અરજ ગુજારેલ છે.

૫. સરકાર તરફે રજૂઆત છે કે, અરજદાર/આરોપીઓ ચોરી કરવાની ટેવવાળા હોઇ, તેમજ અન્ય રાજ્યના રહેવાસી હોઇ, તેઓને જામીન મુક્ત કર્યે તેઓ નાસીભાગી જાય તેમ હોઇ, હાલની અરજી નામંજૂર કરવા રજૂઆત છે.

૬. જામીન અરજી વંચાણે લીધી, ઉભય પક્ષકારોની દલીલો સાંભળી, અરજદારની અરજી જોતાં તેઓની આર્થિક પરિસ્થતિ સારી ન હોઇ,

અને તેઓ અન્ય રાજ્યના રહેવાસી હોઇ, જેથી તેઓને મોટી રકમના લોકલ જામીન મેળવવામાં મુશ્કેલી પડતી હોઇ, જે સ્વાભાવિક જણાતું હોઇ, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– :: હુકમ :: –**

**૧.** આ કામના આરોપી ૧. રાજુ ગુડિયા સ./ઓ. સુમાલભાઇ પંચાલ, ૨. દિપક સુમાલભાઇ પંચાલ, ૩. પ્રભુભાઇ સ./ઓ. જવરસિંગ બઘેલ, રે. કુખશી, જિ. ધાર, અલીરાજપુર (મધ્યપ્રદેશ)નાઓ દ્વારા કરવામાં આવેલી હાલની અરજી આથી મંજૂર કરવામાં આવે છે.

**૨.** અરજદાર/આરોપીઓને અગાઉ ફો.પ.અ.નં. ૧૭૨૮/૨૦૨૪ના કામે જામીન મુક્ત કરતા હુકમમાં અરજદાર/આરોપીઓએ દરેકે રૂા.૫૦,૦૦૦/–ના એક એવા બે સદ્ધર જામીન અને જાતમુચરકો રજૂ કર્યે જામીન મુક્ત કરવાનો હુકમ તા. ૦૩/૦૧/૨૦૨૫ના રોજ કરવામાં આવેલ છે. જે હુકમમાં સુધારો કરી દરેક આરોપીએ રૂા.૨૫,૦૦૦/–ના સદ્ધર જામીન રજૂ કર્યેથી જામીન મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** અરજદાર/આરોપીઓએ ફો.પ.અ.નં. ૧૭૨૮/૨૦૨૪ના હુકમની અન્ય શરતોનું ચુસ્તપણે પાલન કરવું.

**૪.** અરજદાર/આરોપીઓએ જામીનની કાર્યવાહી ટ્રાયલ અદાલતમાં કરવી.

**૪.** આ હુકમની જાણ સંબંધિત પોલીસ સ્ટેશન અને ટ્રાયલ કોર્ટને કરવી. જરૂરી યાદી કરવી.

હુકમ આજરોજ તા. ૨જી, માહે જૂન, સને ૨૦૨૬ના રોજ વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.૦૨/૦૬/૨૦૨૬
સ્થળ: જામનગર
*H H Bandhiya*

**(વિજય પ્રેમચંદ અગ્રવાલ)**
બીજા અધિક સત્ર ન્યાયાધીશ
કોડ નંબર:જીજે–૦૦૬૮૯.

......